૭. | …શાંતિલાલ શાહ

# સુરત મહાનગરપાલિકા

## નગર યોજના, સુરત નં. ૩૯ (ઉધના-લીંબાયત)

# જાહેર સુચના

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ની કલમ-૪૧(૧) અન્વયે નગર રચના યોજના નં. ૩૯ (ઉધના-લીંબાયત) તૈયાર કરવાનો ઇરાદો નગર નિયોજન સમિતિએ તેનાં તા. ૮-૨-૯૯નાં ઠરાવ નં. ૯/૯૯ થી જાહેર કરેલ છે.

આથી સદર યોજના, યોજનાઓના વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનનાં જમીન માલિકો/હીતસંબંધ ધરાવતી વ્યક્તિઓની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ-૧૯૭૯નાં નિયમ-૧૭ હેઠળની જોગવાઇ અનુસાર એક સભા સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે રાખવામાં આવી છે. જેમાં યોજનાની સઘળી દરખાસ્તો અંગે સમજુતી આપવામાં આવશે. તેમજ જમીન માલિકો/હિત સંબંધ ધરાવનારા વ્યક્તિઓ મારફત આ દરખાસ્ત અંગે જે કોઇ સુચનો કે વાંધઓ રજુ કરવામાં આવશે તે પણ યોગ્ય જણાયે ધ્યાને લેવામાં આવશે. આ સભામાં હાજર રહેવા માટે હિત ધરાવનારી દરેક વ્યક્તિઓને કે જેઓના સરનામાની જાણકારી સુરત મહાનગરપાલિકાને છે તેઓને વ્યક્તિગત નોટીસ આપવામાં આવી રહી છે છતાં આ જાહેર સૂચનાથી મજકુર નગર રચના યોજના નં. ૩૯ (ઉધના-લીંબાયત)માં સમાવિષ્ટ જમીનોના માલિકોને તેમજ હિત ધરાવનારી વ્યક્તિઓને નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે હાજર રહેવા વિનંતી છે.

તારીખઃ ૨૬-૧૧-૯૯
સમયઃ બપોરે ૧૨-૦૦ કલાકે
સ્થળઃ ગાંધીખંડ, મુગલીસરા, સુરત મહાનગરપાલિકા

નં.પી.આર.ઓ./૩૪૫/૯૯-૨૦૦૦

તા. ૧૮-૧૧-૯૯

ટાઉન પ્લાનર
સુરત મહાનગરપાલિકા